પરિવર્તન અને પાવર પેનલની રેલી

શહેરના તમામ સેક્ટરોમાં ડી.જે., કાર, બાઈક અને સમર્થકો સાથે બન્ને પેનલે રેલીઓ કાઢી

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર નાગરિક બેન્કની ચૂંટણીનો પ્રચાર-પ્રસાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. પરિવર્તન પેનલ અને પાવર પેનલ દ્વારા આજે શહેરમાં રેલી યોજવામાં આવી હતી. ડીજે અને બાઈકો સાથે વાજતે ગાજતે શહેરના માર્ગો ઉપર ફરી મતદારો સમક્ષ મત માગ્યા હતા. ગાંધીનગરનું વાતાવરણ હાલમાં ઈડરના ડુંગરાઓ કરતા પણ વધારે ગરમ બની ગયું છે. શહેરમાં નાગરિક બેંકની ચૂંટણીને લઈને ચોરે ને ચૌટે ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે આજે મતદાનના એક દિવસ પૂર્વે આજે બન્ને પેનલ દ્વારા શહેરમાં વાજતે ગાજતે ઢોલ નગારા સાથે રેલી યોજવામાં આવી હતી.

આર ટી ઓ કચેરીમાં સિનિયર સિટિઝન્સને ભારે હાલાકી

પ્રતિક્ષા રૂમમાં એ.સી. પણ બંધ : લાયસન્સ રીન્યુ સહિતની કાર્યવાહી માટે લાઇનમાં ઉભા રહેવુ પડે છે : અધતન આર.ટી.ઓ. કચેરીમાં મુલાકાતીઓને હાલાકી

ગાંધીનગર તા ૧૧

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં લાયસન્સની કામગીરી માટે આવતા સિનિયર સીટીઝન્સે લાંબો સમય સુધી કતારમાં ઉભા રહેવુ પડે છે.પેપરલેસ કહેવાતી આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી સર્વરરૂમ તેમજ વેઈટીંગલાન્જમાં એ સી પણ બંધ હાલતમાં છે. જેના પરિણામે અરજદારોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.

શહેરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર અરજદારોએ હાલાકી વેઠવી પડે છે. અગાઉ વારંવાર સર્વર ડાઉન થઈ જવાના લીધે આર ટી ઓ કચેરીનો વહીવટ ઠપ્પ થઈ જવાના પણ અનેક કીસ્સા નોંધાયા હતા. આર ટી ઓ કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાના સુર વચ્ચે સિંગલ વિન્ડા સિસ્ટમ સક્રીય હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત અરજદારોનો સમય ન બગડે તેમાટે લાઈસન્સ ઈસ્યુ કરવા ઉપરાંત ઘરેબેઠા સ્માર્ટ આર સી બુક ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આમછતા અરજદારોની હાલાકીનો અંત આવ્યો નથી.

અરજદારોને સમયસર લાઈસન્સ તેમજ આર સી બુક મળતા લાંબો સમય નિકળી જાય છે. જયારે આર ટી ઓ કચેરીમાં લાઈસન્સની કાર્યવાહી માટે આવતા સિનિયર સિટિઝન્સે ડેટા એન્ટ્રી સહિતની કાર્યવાહી માટે કતારમાં ઉભા રહી સમય બગાડવો પડતો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. આ માટે સિનિયર સિટિઝન્સ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

જયારે અધતન આર ટી ઓ કચેરીમાં સર્વર રૂમ તેમજ મુલાકાતીઓ માટેના વેઈટીંગ રૂમમાં એ સી પણ બંધ હાલતમાં છે. જેના પરિણામે મુલાકાતીઓ ઉનાળાની આકરી ગરમીમાં હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હતો જો કે હજુ પણ તેવી જ સ્થિતિ હોવાથી અરજદારો દુવિધાઓથી તોબા પોકારી ગયા છે.

શાળાના વિદ્યાર્થીઓ માટે ડિઝીટલ કવીઝનું આયોજન

વિદ્યાર્થીઓ ઓન લાઇન ભાગ લઇ શકશે : ઓન લાઇન કવીઝના આધારે વિદ્યાર્થીઓનું નોલેજ અપગ્રેડ થશે

ગાંધીનગર તા ૧૧

ડિઝીટલ ઈન્ડિયાના અભિયાનના ભાગરૂપે શાળાના વિદ્યાર્થીઓ ઓન લાઈન ડિઝીટલ કવીઝમાં ભાગ લઈ પોતાના જ્ઞાનમાં વધારો કરી શકે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તમામ શાળાઓના પ્રિન્સિપાલને પણ વિદ્યાર્થીઓ ઓન લાઈન કવિઝમાં જોડાય તેવી વ્યવસ્થા કરવા પણ જણાંવાયુ છે.

ગત તા ૧ થી ૬ જુલાઈ દરમિયાન સમગ્ર દેશમાં ડિઝીટલ ઈન્ડીયાની ઉજવણી કરવામાં આવી હતી. જનશસકિતકરણના આશય સાથે ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ સેવાથી જોડવામાં આવશે.શાળાઓ તેમજ યુનિવર્સિટીમાં વાયફાયની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.ડિઝીટલ ઈન્ડીયા અન્વયે શાળાઓમા વિદ્યાર્થીઓના ઈ લોકર ખોલવા પણ કવાયત હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૨ પર

સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટરે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

પ્રધાનમંત્રી દ્વારા ડીઝીટલ ઈન્ડિયા સામાહિક ઉજવણીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ઓનલાઈન ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવશે. ત્યારે સ્પર્ધામાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ દ્વારા રજીસ્ટ્રેશન માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ મંગળવાથી રવિવાર સુધી બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન તા. ૬ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન માટે આવનાર વિદ્યાર્થીઓ પોતાની સંપૂર્ણ વિગત સાથે આવવાનું રહેશે. વધુ વિગત માટે શિવાંગ પટેલ મો. નં. ૯૦૯૯૩૮૨૯૩૬નો સંપર્ક કરવો.)

અતિવૃષ્ટિ પર રાજકીય રોટલા શેકવાનું કામ કોંગ્રેસ કરે છે

નુકસાન પામેલા ખેડૂતો અને લોકોના જીવનને ડહોળવાનો પ્રયાસ કરીને કોંગ્રેસે પોતાની મેલી મુરાદ ખુલ્લી કરી છે : આઈ. કે. જાડેજા

અમદાવાદ, તા.૧૧

ભાજપના પ્રદેશ પ્રવકતા આઈકે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, આજ રોજ અમરેલીમાં કોંગ્રેસના આગેવાનોએ જે પ્રકારના કાર્યક્રમો કર્યા છે. તેમાં રાજકીય રોટલા શેકીને અર્જુન મોઢવાડીયાએ અતિવૃષ્ટિથી નુકસાન પામેલા ખેડુતો અને લોકોના જનજીવનને ડહોળવાનો પ્રયાસ કરીને કોંગ્રેસ પોતાની મેલી મુરાદ ખુલ્લી કરેલ છે. અમરેલી જીલ્લામાં જે પ્રકારે અતિવૃષ્ટિથી ખુબ મોટુ નુકસાન થયું અને લોકોને પારવાર મુશ્કેલીઓ થઈ ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે તુરત જ મદદરૂપ બનીને સત્વરે નિર્ણયો કરીને કુદરતી આપત્તિ સમયે લોકોની સાથે રહી તેમના જનજીવનને પુનઃ પ્રસ્થાપિત કરવાની કાર્યવાહી કરેલ છે. અર્જુન મોઢવાડીયા પોતાના પક્ષના આગેવાનોને મળવાના બહાને આજે અમરેલી પહોંચ્યા અને કેટલીક બાબતોની વાતો કરી પરંતુ મોઢવાડીયા જવાબ આપે કે આટલા ૧૨-૧૩ દિવસો પછી અમરેલી એમને કેવી રીતના યાદ આવ્યું.

કોંગ્રેસને કદાચ એ બાબતનો ખ્યાલ નહી હોય કે રાજયના સંવેદનશીલ મહિલા મુખ્યમંત્રીએ હોનારતના બીજા દિવસે અમરેલીની મુલાકાત લીધી હતી અને વહીવટી તંત્રને સત્વરે લોકોને મદદરૂપ બનવા સૂચનાઓ આપી હતી ત્યાર બાદ અન્ય મંત્રીઓએ પણ પાંચેક દિવસ રોકાઈને લોકોની જરૂરિયાતને સરકાર તેમજ સંસ્થા દ્વારા પુનઃસ્થાપિત કરવા કાર્યવાહી કરી હતી.

અષાઢમાં ચૈત્ર માસની ગરમીનો અહેસાસ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૧

વરસાદની ગેર હાજરીમાં છેલ્લા એકાદ-બે દિવસથી ગરમીમાં ખુબ વધારો થયો છે. આજે મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. નોંધાતા વસાહતીઓએ અષાઢ માસમાં ચૈત્રની ગરમીનો અનુભવ કર્યો હતો.

ચોમાસાની ઋતુ ચાલી રહી છે પરંતુ વરસાદની ગેરહાજરી જોવા મળી રહી છે. છેલ્લા વીસેક દિવસથી વરસાદ ગાયબ થઈ ગયો છે. વાદળો બંધાય છે પરંતુ વરસાદ પડતો નથી. આજે સવારે પણ આકાશમાં સારા એવા પ્રમાણમાં વાદળો આવ્યા હતા પરંતુ થોડીક જ વારમાં વાદળો વિખેરાઈ જતા તડકો નીકળ્યો હતો. ગરમી વધવા માંડી હતી. ચૈત્ર માસમાં ગરમી હોય તેવી આકરી ગરમી અનુભવાઈ હતી. ગરમીની સાથે જ ભેજનું પ્રમાણ વધતા બફારો ખુબ થયો હતો. જેના કારણે વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. આજે મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૧ ટકા અને સાંજે ૫૦ ટકા રહ્યું હતું.

ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - ફુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

નિરંતર પ્રગતિ પાવર સાથે....
ગાંધીનગર નાગરિક કો.ઓપ.બેંક લિ.
ઉગતો સુર્ય
પાવર પેનલ
ઉગતો સુર્ય
પરિવર્તન એટલે બદલાવ, બદલાવ એજ પાવર પેનલ

3 અમૃતભાઈ હરજીવનદાસ પટેલ
ઉદ્યોગપતિ-દેલવાડવાળા

૯ પંકજકુમાર બળવંતરાય શુક્લ
ડીરેક્ટર,ગાંધીનગર દૂધ વા.સ.મંડળી

૧૦ ભરતકુમાર બળદેવભાઈ પટેલ
તાલુકા સદસ્ય, પલીયડવાળા

૧૭ હસમુખભાઈ કેશવલાલ પટેલ
પેટ્રોલપંપવાળા-દિલીપભાઇ (ડી.કે.) ડભોડા

૧૮ કમલેશકુમાર ચુનીલાલ જોષી
સરગાસણવાળા, સે.૮

૧૯ નિમેષકુમાર મનુભાઈ પટેલ
બિલ્ડર-રાંધેજાવાળા, સહજાનંદ ગ્રુપ

૨૦ ભરતકુમાર નટવરલાલ પટેલ
ખોરજ - વકીલ

૨૧ મહેશભાઈ મણીભાઈ પટેલ
માજી સરપંચ,ઉનાવા (પપ્પુભાઇ)

૨૨ રજનીકાન્ત નટવરલાલ પટેલ
કોન્ટ્રાક્ટર- સે. ૧૨, ગાંધીનગર

૨૩ શંકરકુમાર રમણલાલ પટેલ
રાંધેજા - રોડવેઝવાળા

ચૂંટણી તારીખ : ૧૨-૦૭-૨૦૧૫, રવિવાર,
સમય : ૮.૩૦ થી ૫.૦૦ કલાક સુધી
સ્થળ : સરકારી માધ્યમિક શાળા,
સેક્ટર-૧૬, ગાંધીનગર
નોંધ : દરેક સભાસદે ૧૩ મત આપવા ફરજીયાત છે.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જગ્યા ભાડે આપવાની છે
(શો-રૂમ, બેન્ક, ઓફિસ લાયક)
પ્રથમ માળ-૧૪૦૦ ફુટ, બીજો માળ-૧૩૦૦ ફુટ
ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
સંપર્કનો સમયઃ- સવારે ૧૦.૩૦ થી ૨.૦૦
M. 98795 23860

૧ થી ૩૦ સેક્ટર માટે
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ
(લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com